# SAURASHTRA UNIVERSITY

**Accredited by NAAC with "A" Grade**

**[ C G P A 3.05 ]**

## વિષય :- પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ (PEC) - 2019-20

**પરિપત્ર :-**

**આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોનાં ઈન-ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે કે, નીચે દર્શિત વિગત અનુસાર જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક / અનુસ્નાતક પરીક્ષા પાસ કરીને અથવા ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ કે તેને સમકક્ષ પરીક્ષા પાસ કરીને આ યુનિવર્સિટીમાં વિનયન, વાણિજ્ય, કાયદા, પરફોર્મિંગ આર્ટસ, રૂરલ સ્ટડીઝ, એજ્યુકેશન, મેનેજમેન્ટ, સાયન્સ, ફાર્મસી, હોમસાયન્સ, મેડીસીન, હોમિઓપેથી તથા આર્કિટેક્ચર ફેકલ્ટીના 1 / 3 / 5 સેમેસ્ટરમાં (જ્યાં વાર્ષિક પદ્ધતિ લાગૂ હોય ત્યાં તે મુજબ) પ્રથમ વાર દાખલ થતાં વિદ્યાર્થીઓએ નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવુ હશે, તેવા વિદ્યાર્થીઓએ PEC મેળવવાનું રહેશે.**

➢ **પ્રવેશ પાત્રતા માટે જરૂરી માન્ય બોર્ડ તથા વખતોવખત PEC માટેના પરિપત્રોની વિગત :**

| વિગત | યોગ્યતા | ઓર્ડિનન્સ / ઠરાવ / પરિપત્ર મુજબ |
|---|---|---|
| Provisional Eligibility Certificate (PEC) (કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર) | COBSEની વેબ સાઈટ પર દર્શાવેલા માન્ય Boards ની યાદી મુજબ અથવા UGC દ્વારા માન્ય યુનિવર્સિટીઓની યાદી મુજબ અથવા AIU દ્વારા પ્રકાશિત થયેલ માન્ય યુનિવર્સિટીઓની યાદી મુજબ | * 88- 2 –C, 3-(C) તથા 90, 90-A, 92<br>* એ.કે/ સમકક્ષતા/1088/2015 તા.૨૪-૧૧-૨૦૧૫<br>* પરીક્ષા સેલ/પ્રોવિ.એલિજીબીલીટી/58/2016 તા. ૧૨/૦૫/૨૦૧૬ |
| | Other than Gujarat Board / Saurashtra University | |

* http://www.saurashtrauniversity.edu/university/exam-sections/exam-cell-exam-06/circulars/

* www.cobse.org ➡ Members (Approved Boards in India) (ભારત દેશના માન્ય બોર્ડની યાદી માટે)

* www.saurashtrauniversity.edu ➡ Quick Access ➡ Circulars

(પરિપત્ર ક્રમાંક :No. AK/Ac/973/16 Dt. 07/10/2016)

| ક્રમ | બાબત | રેગ્યુલર ફી સાથે એન્ટ્રી સ્વીકારવાની તારીખ. | લેઈટ ફી સાથે એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તારીખ. | દંડાત્મક ફી સાથે એન્ટ્રી સ્વીકારવાની છેલ્લીતારીખ. |
|---|---|---|---|---|
| ૧ | **પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ મેળવવા (સેમેસ્ટર–1,3, અને 5 માટે) (જ્યાં વાર્ષિક પદ્ધતિ લાગૂ હોય ત્યાં તે મુજબ)** | ફી. રૂ. ૧૫૦/-<br>તા.૧૭ - ૦૬ - ૨૦૧૯ થી<br>તા.૩૧ - ૦૭ - ૨૦૧૯ | ફી. રૂ. ૧૫૦/- + ૫૦૦/- =<br>રૂ. ૬૫૦/-<br>તા. ૦૧ - ૦૮ - ૨૦૧૯ થી<br>તા. ૧૫ - ૦૮ - ૨૦૧૯ | ફી. રૂ. ૧૫૦+૫૦૦+૧૫૦૦ =<br>રૂ. ૨૧૫૦/-<br>તા. ૧૬ - ૦૮ - ૨૦૧૯ થી<br>તા. ૩૧ - ૦૮ - ૨૦૧૯ |

1. વિદ્યાર્થીએ PEC ની અરજીમાં દર્શાવેલ વિગતને ધ્યાનમાં રાખી અને કાર્યાલય તરફથી માંગવામાં આવેલ પ્રમાણપત્રોના આધારે PEC ઇસ્યુ કરવામાં આવશે.
2. ઓર્ડિનન્સ – ૯૦ અન્વયે અન્ય યુનિવર્સિટી / બોર્ડ માંથી આવતા વિદ્યાર્થીએ જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ યોગ્યતા ધરાવતા હોઇ અને તે અંગેનું આ યુનિવર્સિટીનું PEC મેળવેલ હોઇ, તો જ કોલેજ દ્વારા પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.
3. ધોરણ ૧૦ પાસ કર્યા બાદ આઇ.ટી.આઇ. માન્ય અભ્યાસક્રમ (NCVT) (GCVT) પાસ કરીને આ યુનિવર્સિટીમાં સેમેસ્ટર- ૧ માં પ્રવેશ મેળવે ત્યારે ધો.૧૨ માં અંગ્રેજી વિષયમાં ફરજિયાત પાસ કરેલ હોઈ એવા વિદ્યાર્થીઓએ PEC લેવાનુ રહેશે નહીં.
4. વિશેષમાં સૂચિત કરવામાં આવે છે કે કોઇપણ વિદ્યાર્થીને PEC કઢાવ્યા વગર પ્રવેશ આપેલ હશે તો તે અંગેની સઘળી જવાબદારી કોલેજ/ભવનની રહેશે.
5. વિદ્યાર્થીએ છેલ્લે જે બોર્ડ / યુનિવર્સિટી માંથી અભ્યાસ પૂર્ણ કરેલ હશે તે કચેરી મુકામે થી અત્રે રજુ કરેલ ગુણપત્રકની ખરાઈ કરેલ નક્લ/પત્ર તથા ઓરિજીનલ માઈગ્રેશન પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવીને ફાઈનલ એલિજીબિલિટી સર્ટિફિકેટ સત્રાંત પૂર્વે મેળવી લેવાનું રહેશે અન્યથા પરીક્ષાનું પરીણામ અનામત રહેશે. (પરીણામ ની સામે Withheld Eligibility દર્શાવવામાં આવશે)
6. પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર (FEC) છેવટનું પ્રવેશપત્ર ચાલુ સત્રના અંત પહેલાં મેળવી લેવાનુ રહેશે અન્યથા યુનિવર્સિટીના વખતોવખતનાં નિયમ મુજબ કાર્યવાહી કરવામા આવશે.
7. Online PEC Link :- http://forms.saurashtrauniversity.edu/ પરથી PEC મેળવવા માટે વિદ્યાર્થીઓ દ્વારા જ ફોર્મ ભરાય અને તેઓના દ્વારા જ અત્રે ફોર્મ જમા કરવાના રહેશે અને તેઓને જ PEC આપવામાં આવશે. કોલેજ દ્વારા ઉક્ત પ્રક્રિયા થતી હોઈ છે તેમાં અપુર્તતા રહી જવા પામે છે જેને કારણે પછીથી કાનૂની પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. તેથી ઉક્ત પ્રક્રિયા વિદ્યાર્થી દ્વારા જ કરવામાં આવે તે ખૂબજ જરૂરી છે.
8. PEC મેળવ્યાથી વિદ્યાર્થીને પ્રવેશ અંગેની બાંહેધરી મળતી નથી.
9. વિદ્યાર્થીએ PEC મેળવ્યા બાદ કોલેજ બદલાવેલ હોય તો પરીક્ષા સેલ ને અરજી દ્વારા જાણ કરવાની રહેશે.
10. જે વિદ્યાર્થીને કોલેજ / ભવનમાં પ્રવેશ મળેલ નહી હોય તો આપવામાં આવેલ PEC આપોઆપ રદ થયેલ ગણાશે અથવા વિદ્યાર્થીએ પરીક્ષાસેલ વિભાગમાં રદ કરાવવા આવવાનું રહેશે.
11. જે વિદ્યાર્થીઓએ ONLINE માર્કશીટની નકલનાં આધારે PEC મેળવેલ હશે તે વિદ્યાર્થીઓને જે તે બોર્ડ / યુનિવર્સીટી તરફથી અસલ માર્કશીટ મળ્યેથી તુરંત જ તેની નકલ રજુ કરવાની રહેશે અને તે રજૂ કર્યા બાદ જ બાકીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
12. જે તે ફેકલ્ટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સેમેસ્ટર -૩ અને સેમેસ્ટર-૫ માં અધર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રથમ સાદા કાગળમાં અરજી કરવાની રહેશે. CBCS પધ્ધતિ મુજબ અન્ય યુનિવર્સિટીની અપાયેલ પરીક્ષાના વિષયો આ યુનિવર્સિટીનાં અભ્યાસક્રમનાં વિષયો સાથે કન્વર્ટેબલ તેમજ કમ્પેરેબલ છે કે નહી તે માટે અને તે પરત્વે જેતે વિદ્યાશાખાનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવવામાં આવશે અને ત્યારબાદ જ વિદ્યાર્થીએ PECનું ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જો અગાઉથી PEC નું ફોર્મ ભરેલ હશે અને પછીથી ઉક્ત કાર્યવાહી કરવામાં આવશે અને જો ડીનશ્રીનો અભિપ્રાય નામંજૂર કરેલ હશે તો ભરાયેલ ફી પરત કરવામાં આવશે નહીં.
13. PEC મેળવવા અંગેની તારીખ વીત્યા બાદ કોઈ પણ સંજોગોમાં અરજી સ્વીકારવામાં આવશે નહી.
14. જે અભ્યાસક્રમોમાં પ્રવેશ મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવતો હશે તે અભ્યાસક્રમ માટે PEC આપવા માટેની તારીખ મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા નિયત કરવામાં આવેલી તારીખો ધ્યાને લઇ નિયત કરવામાં આવશે.
15. કોલેજ દ્વારા આ પરિપત્ર કોલેજ નોટીસ બોર્ડ પર અચૂક થી લગાડવાનો રહેશે. જેથી અન્ય બોર્ડ / યુનિવર્સિટીમાંથી આપની કોલેજમાં આવતા વિદ્યાર્થીઓને આ બાબત અંગેની માહિતી મળી રહે.
16. જે વિદ્યાર્થીઓ PEC મેળવતા હશે તેઓની માર્કશીટ ઓનલાઇન વેરીફીકેશન કરવામાં આવશે જે પૈકી જે વિદ્યાર્થીઓની માર્કશીટ ઓનલાઇન વેરીફીકેશન થશે નહિ તેવા વિદ્યાર્થીઓએ તેઓ છેલ્લે જે બોર્ડ / યુનિવર્સિટીમાં (બેચલર / માસ્ટર ડીગ્રી અથવા અન્ય કોઈપણ જે જરૂરીયાત હોય તે મુજબ) અભ્યાસ કરેલ હશે તે માર્કશીટ વેરીફીકેશન કરાવી પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવ્યા બાદ ફાઇનલ એલિજિબિલિટી અંગેની કાર્યવાહી થઇ શકશે. વેરીફીકેશન અંગે ની કાર્યવાહી વિદ્યાર્થી દ્વારા પ્રથમ સત્ર પહેલા જ કરવાની રહેશે, જો જરૂર જણાશે તો પરીક્ષાસેલ વિભાગ દ્વારા જે તે બોર્ડ/યુનિવર્સિટી ને કુલસચિવશ્રી/પરીક્ષા નિયામકશ્રીને સંબોધીને અંગ્રેજીમાં પત્ર લખી આપવામાં આવશે.
17. વિદ્યાર્થીએ ફોરેન યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરેલ હોય તો AIU તરફથી “સમકક્ષતા પ્રમાણપત્ર“ મેળવીને આ વિભાગને પ્રથમ શૈક્ષણિક સત્રના અંત પહેલા આપવાનું રહેશે. અન્યથા યુનિવર્સિટી દ્વારા લેવાનાર નિર્ણય વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.
18. વિદ્યાર્થી છેલ્લે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/ભવનમાંથી અભ્યાસ કરેલ હોય અને વર્ષ 2019-20 માં ફરી કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો તેવા વિદ્યાર્થીઓએ PEC માટેનું ફોર્મ ભરવું નહિ અને જો શરતચૂકથી PEC માટેનું ફોર્મ ભરેલ હશે તો તે રદ કરવામાં આવશે અને ફી રીફંડ મળી શકશે નહિ.
19. વખતોવખતનાં આ યુનિવર્સિટીના જે નિયમો હોય/ઘડાઇ તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.
20. પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (PEC) અને ફાઇનલ એલિજીબીલીટી સર્ટિફિકેટ (FEC) મેળવ્યા બાદ કોઇપણ કારણોસર ભવિષ્યમાં રદબાતલ કરવાનું થશે તો વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ તમામ પરીક્ષાઓ અને ડીગ્રી રદ કરવાનો નિર્ણય અંગેનો અબાધિત અધિકાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રહેશે જે અરજદારને બંધનકર્તા રહેશે.

21. એક વર્ષના સમયગાળામાં આપ જો PEC/FEC પ્રવેશ રદ કરાવશો કે યુનિવર્સિટી દ્વારા કોઈપણ સંજોગોમાં પ્રવેશ રદ કરવામાં આવશે તો જ આપે જમા કરાવેલ ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફિકેટ આપને પરત મળશે.

22. પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે વિદ્યાર્થી દ્વારા I Agree કરતા પહેલાની તમામ સૂચનાઓ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે જેની નોંધ લેશો.

23. જો વિદ્યાર્થી દ્વારા ખોટા દસ્તાવેજો રજૂ કરાયેલ હશે તો તે અંગેની સંપૂર્ણ કાનૂની જવાબદારી વિદ્યાર્થીની પોતાની જ રહેશે.

પરીક્ષા નિયામક

➢ **ઉપર મુજબની કાર્યવાહીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

(આ મુસ્દો મા.કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

નં. પરીક્ષાસેલ/PEC/3093 /2019 તા. 17 / 06/2019

**પરીક્ષા સેલ વિભાગ,**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫**

**પ્રતિ,**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના વડાઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોનાં ઈન-ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ**

**Online** : http://www.saurashtrauniversity.edu/university/exam-sections/exam-cell-exam-06/circulars/

**નકલ સાદર રવાના:-**

| | | |
|---|---|---|
| (૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી | (૨)મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબ વિભાગ | (૩) ઓડિટરશ્રી, ઓડિટ વિભાગ |
| (૪) કેશ વિભાગ | (૫)જોડાણ વિભાગ | (૬) એકેડેમિક વિભાગ |
| (૭) GIPL | (૮) શારીરિક શિક્ષણ વિભાગ | (9)પરીક્ષા વિભાગ ૧,૨,૩,૪,૫,એક્ષ્ટર્નલ વિભાગ |

=================X=============X==================